# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

મન, ક્યાં કદી કોઈનું કળાય છે !
મળીએ છીએ સામે, મળાય છે !

કરે કોઈ કેટલીયે દુઆ તમારા માટે
તમને ક્યાં એનો ખયાલ જરાય છે !

પકડી લો તમારી મનગમતી ક્ષણો
આ સમય છે, હવામાં તણાય છે !

ચાલે છે નિરંતર કાળની આ ચકી
રોજ કેટલીય ઈચ્છાઓ દળાય છે !

ઉદય ચંદ્રકાંત

## પાથેય

- રમેશ ઠક્કર

### ઈચ્છાઓને દળવાની વાત...

જગતમાં ઘણું બધું અકળ છે.એનો તાગ મેળવવો પણ મુશ્કેલ હોય છે.પરંતુ આ બધામાં જો સૌથી કોઈ અભેદ વસ્તુ હોય તો એ છે માણસનું મન. માણસના મનને તાગવું એ સાત સાગરને ઓલેચવા કરતાં પણ કઠિન કામ છે.સાગરના તળિયે શું હોઈ શકે ? એના પેટાળમાં શું ભર્યું હશે?? એના આકલન માટે કે એના અભ્યાસ માટે માણસે ઘણા અખતરા કર્યા છે.અને એમાં સફળતા પણ મળી છે. પરંતુ માણસના મન અને એના પેટાળમાં શું ચાલતું હશે એ કહી શકવાની કે એનું અનુમાન કરવાની કોઈ? શોધ?? હજુ ?સુધી થઈ નથી્.એવો માપદંડ હજુ સુધી આપણને મળી શક્યો નથી.માનવ મનની આ સંકુલતા ગજબ છે. કેવા કેવા મનોભાવો આપણા મનમાં ઉદભવતા હોય છે ?મનનો આ મનોવિહાર નીરખવો એ પણ એક અનોખો અનુભવ છે !

નાનાં નાનાં છળ કે વય છુપાવવાની કળા અને એનો રોમાંચ પણ ગજબ હોય છે..આપણે જયારે ચાલીસના હોઇએ છીએ ત્યારે આપણને કોઇ ઉંમર પૂછે તો આડત્રીસ કહેવાની એક અનોખી મજા આવતી હોય છે..પિસ્તાલીસ પાર કર્યા પછી ચાલીસ કહેવાનો આનંદ પણ એટલો જ મબલખ હોય છે..! વય વહે છે એમ આપણો લગાવ પણ વધે છે વિતેલા દિવસો માટે..જિંદગી રિવાઇન્ડિંગ મોડમાં જીવી શકાતી નથી અને આપણી એ તીવ્ર ઇચ્છા હોય છે કે સરી ગયેલી ક્ષણોનો સહવાસ ફરી મળી જાય !

સમયનું ચક્ર હોય છે..એ ગોળાકાર ફરતું રહે છે..આપણે એવા ભ્રમમાં રહીએ છીએ કે વિતેલો સમય ગોળ ફરીને ફરીથી આપણી સામે આવશે ! પણ નજાકત એ છે કે સમયના વર્તુળમાં નવું નવું ઉમેરાતું જાય છે..નવા માણસો,નવો અસબાબ, નવા સંબંધો, નવાં ગીત, નવી કવિતાઓ, નવા રસ્તાઓ..સમય ફરતો રહે છે..રોકાતો નથી..આદમી ઠીક સે દેખ પાતા નહીં..ઔર પરદે પે મંઝર બદલ જાતા હૈ !

આમાં આપણો દોષ પણ નથી..વહેતા સમયની સાથે તાલમેલ સાધતા રહેવું એ પણ એક પ્રકારની સાધના છે..કોઇ આપણને પહેલી વખત કાકા કે માસી કહી સંબોધે ત્યારે એક ઝટકો લાગતો હોય છે..દસેક વરસ પહેલાં એક રેડીમેડ કપડાંના શો રૂમમાં એક સરસ ટી શર્ટ મને ગમી ગયું..કંઇ બોલું એ પહેલાં યુવાન સેલ્સમેન સહસા બોલ્યો ' અંકલ એ યંગસ્ટર માટે છે.." ત્યારે ખબર પડી કે ઉંમર કેટલા સ્વરૂપે દેખાતી હોય છે !

આપોઆપ ચાડી ખાતો ચહેરો અને અતીતને વાગોળતું ભાવુક મન..સમયના બદલાતા રંગ કે પ્રસંગને સહજ નહીં માનતું આપણું ઉર્મિજગત..આપણી અધુરી ખેવનાઓ..પરિકલ્પનાઓ..અને અતૃપ્તિઓનો આસવ વળીવળીને આપણને વળગાડી રાખે છે સરી જતા સમય સાથે..! સરી ગયેલા સમયની તસવીર જોઇ માણસને એક સરખી લાગણી થતી હોય છે કે પોતે કેવો સરસ લાગતો હતો..કેટલા મસ્ત હતા એ દિવસો..! હવે એવો સમય નહીં આવે...આવી લાગણી એ બીજું કંઇ નથી પણ વહેતા જીવનપ્રવાહનું એક હલેસું માત્ર છે !

# "નિસાસો નાખીને રણ જેવી ઉપાધિ ઊભી કર્યા કરે... માણતા શીખાય જો જિંદગી, તો જીવન મીઠું ઝરણું નીકળે એમ પણ બને"




'શક્તિ સામર્થ્ય અપાર હોય ને દિશા ન હોય ત્યારે શું કરવું'?

બસ દરેક પરિસ્થિતિમાં જીવનને માંણવુ.

આંખો બંધ કરી વિચારવું કે આજે હું છું ત્યાં શું ખોટું છે?

જો ના તો વિચારવાનુ છોડી દો.. કદાચ જીવનમાં આજ દિશા ઉત્તમ હશે તમારા માટે.

અને જો હા તો નક્કી શકિત સામર્થ્યનો ઉપયોગ એ દિશામાં નહીં જ કર્યો હોય ખરા દિલથી.

પણ જો ધાર્યા કરતા મંજિલના મળી હોય પણ એ તરફના રસ્તામાં મજા જરૂર આવી જ હશે. અમુકવાર મંજિલ એ દિશા સુધી પહોંચીએ એના કરતા આખા રસ્તામાં આપણને ઘણાં બોધપાઠ મળ્યા હોય છે અને મજા પણ આવી હોય છે. પરંતુ આપણે આનંદ ઉઠાવી શકતા નથી.

ખરું કહું તો આપણે અહીંયા આ પૃથ્વી પર જીવનને માણવા આવ્યા છીએ. પરંતુ આપણે ક્ષણે ક્ષણે એને માત્ર બચાવવાના જ પ્રયત્ન કરતાં હોઈએ છીએ.

દરિયાઈ લહેરો પર ડગમગવાની મજા, એ ઊંચા મોજાઓનો આનંદ અને તોફાન જોવાની પણ એક રોંમાચ અને અનેરી મજા હોય છે.

જીવનનું પણ આવું જ છે.

બની શકે કે આપણને લાગતી આપણી શકિત ખરા અર્થમાં એ દિશા, મંજિલ માટે યોગ્ય ના પણ હોય.

જીવનમાં અમુક પડકારો આવી પડે તો વ્યક્તિ ફ્રશટ્રેશનમાં આવી જાય છે.

આપણને નાનપણથી હમેશા એમ કહેવામાં આવ્યુ છે કે મહેનત કરો ફળ જરૂર મળશે.

એટલે આપણે ગધેડાની જેમ બસ મહેનત જ કરીએ છીએ.આપણને એમ કોઈએ શીખવ્યું જ નથી કે મહેનત સાથે ખુશ રહો. અથવા ખુશ રહી મહેનત કરો.

આ મહેનત અને સાચી (આપણા મતે )દિશા માં આપણે ખુશ રહેવાનું ભૂલતા ગયા.

પછી કંટાળીને મોટીવેશન, મેડીટેશન માં પણ ઊંધા થઇ ને જંપલાવીએ, પણ જયારે ખરી મજા માણવાની હતી મહેનત અને ધ્યેય પ્રાપ્તિના સાથે ત્યાં બસ ભવિષ્યની ચિંતા અને તણાવમાં જ રહ્યા.

અને પછી મન વિચારવા મજબૂર બને છે કે જીવન શું છે? શું કામ મારી સાથે આવું થાય છે. મારી બધી મહેનત હોવા છતાં મારો ધ્યેય કેમ સિદ્ધ થતો નથી.હું જે ઇચ્છુ એ કેમ મળતું નથી મને.

જીવનનો ઉદ્દેશ્ય શું? આ સામાન્ય પ્રશ્નો નથી જ. જીવનના મૂળ પ્રશ્ન છે તેના થકી જ જીવનની દિશા અને મંજિલ નક્કી થાય છે.

સફળ વ્યક્તિ બનવાના સ્વપ્ન જોવાનો અધિકાર દરેક વ્યક્તિ પાસે હોય જ છે.

દુનિયાનો દરેક માનવી કંઈક ખાસ અને શ્રેષ્ઠ કરવા ઈચ્છતો જ હોય છે. અને દરેક વ્યક્તિ કોઈક વિશિષ્ટ પ્રયોજન સાથે જ આવ્યો હોય છે.

દરેકને પોતાને કંઈક બનવાનો અને શ્રેષ્ઠ પામ્યાનો અહેસાસ આ દુનિયાને કરાવવાની ઈચ્છા હોય જ છે. અને એના માટે એ કંઈપણ કરવા તૈયાર થઈ જતો હોય છે.

કંઈ પણ એટલે પ્રલોભન નામનો મહાશત્રુ.

જે દરેક રથાળે ફસાવવાના તમામ પ્રયાસો કર્યા જ કરે છે.

જીવનની દરેક મંજિલ પર આ પ્રલોભન પોતાનું નવું આકર્ષક સ્વરૂપ ધરતું હોય છે.

પ્રલોભનની માયામાં મોટાભાગના લોકો ફસાઈ જાય છે.

અને સતત પછી પોતાને મળેલા પ્રલોભનને જ સફળતા માનીને વિકસવાના તમામ પ્રયત્નો છોડી દે છે.

અને આ પ્રલોભનને જ સફળતા માનવા લાગે છે. જયારે જાણ થાય કે શું આજ આ દિશા હતી જે મેં ઝંખી હતી? ને ત્યારે ડિપ્રેસનનો શિકાર બની જાય છે.પણ નાસીપાસ થવાના બદલે એવુ વિચારવું જોઇએ કે ઇશ્વરે દરેકને કંઈકને કંઈક તો ખાસ આપ્યું જ છે જે એના માટે યોગ્ય હશે.

ઘણા લોકો સપના સાકાર ના થતા જીવનની શરૂઆતમાં જ ઊંચાં સ્વપ્નો જોવાની બારી કાયમ માટે બંધ કરી દીધી હોય છે.

આપણું આ જીવન સંઘર્ષભર્યું છે, પણ સંઘર્ષથી ડરીને ભાગી જવાથી કઈ જ મળશે નહીં. આ સંઘર્ષથી અડગ રહી લડશો(મહેનત કરશો) તો જ વિજયને પ્રાપ્ત કરશો.

આપણે માનવું જ રહ્યું કે સર્જનહારે જીવનસૃષ્ટિનું સર્જન કર્યું છે.

એટલે બધા માટે કંઈક અલગ જ વિચાર્યું હશે.

જન્મ થવો, મૃત્યુ થવું, વિકાસ વૃદ્ધિ થવી.

આ પ્રક્રિયા કુદરતી નિયમાને પાલન કરે છે.

કોઈ વ્યક્તિ હંમેશા નાની કે યુવાન નથી રહેતી.

રહેવા માંગતી હશે તો શું રહી શકશે?

આપણે આ કુદરતના નિયમને બંધાયેલ છે. આ પ્રક્રિયામાં કોઈ પણ સજીવને કોઈ સ્વતંત્રતા નથી.

બીજા સજીવને કર્મની કોઈ આઝાદી નથી. એ જન્મથી મૃત્ય પર્યંત બંધાયેલ છે. જ્યારે કે માનવીને બુદ્ધિ આપવામાં આવી છે, કર્મની સ્વતંત્રતા આપવામાં આવી છે.એટલે આપણે કર્મ ના સિદ્ધાંત ને અનુસરવાનું.

સત્ય તો એ છે કે આપણે સૌ ભૌતિક સુખને જીવનનું લક્ષ્ય સમજી બેઠા છીએ.

અને એટલે જ જો આ લક્ષ્ય માટે જીવનમાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડે તો નાસીપાસ થઈ જતા હોય છે.

ઘણાં બધા લોકો આખી પરિસ્થિતિમાં નિરાશ થઈ આત્મહત્યા કરી લે છે.

આપણા ઘણા ખરા ધ્યેય બીજા કરતા ઉંચા દેખાવા માટે જ હોય છે. આંતરિક આનંદ કે સુખ માટે નહીં જ.

પરંતુ આપણે દરેક કામમાં બસ આપણું સર્વોત્તમ જ આપવું અને પોતાના ચૈતન્ય પર વિશ્વાસ રાખવો. પોતાના અસ્તિત્વ સાથે દરેક વસ્તુમાં, દરેક કામમાં ખરા અર્થમાં જીવી રહ્યા છીએ કે કેમ પોતાને પૂછવું. અને પોતાના અંદર રહેલી ઉર્જા નો ઉપયોગ કરી આનંદ માં સમય વિતાવી જીવનની ખરી દિશા કઈ એ વિચારવું.

અપાર શક્તિ અને સામર્થ્ય તો ઘણા યોદ્ધા પાસે પણ હતું. પણ શું એમની દિશા સાચી હતી.

એટલે જ આપણા માટે સાચી દિશા સમાજ કે અન્ય પરીબળ માટે ખરી ના પણ હોય.

પણ શું દરેક વ્યક્તિ મહાનતા માટે જન્મી છે? પણ ખરા અર્થમાં આપણી અંદરની ઉર્જા એ જ મહાનતા અને સાચી દિશા.

Parulamit198@gmail.com
(7201001482)

# ટેકનોલોજીનો પ્રભાવ અને ખર્ચાળ ફિલ્મો...







અત્યારે ઘણી બધી ફિલ્મો એવી આવી રહી છે કે જે ઈતિહાસ પર આધારિત હોય કે પછી કોઈ પુરાણકથા પર આધારિત હોય. એવી ફિલ્મો પણ આવી રહી છે કે જે સુપરપાવર ધરાવતા નાયકની કથા હોય કે પછી મિસ્ટિરિયસ હોય. 'આર.આર.આર.' ફિલ્મ આ પ્રકારની ફિલ્મ હતી તો પુષ્પા સુપરપાવર ધરાવતા નાયકને રજૂ કરતી ફિલ્મ હતી. જાણીતા ફિલ્મ દિગ્દર્શક મણિરત્નમ્ લાંબા સમય બાદ 'પીએસ-૧' દ્વારા ફરી ફિલ્મ ક્ષેત્રે સક્રિય થયા છે. આ ફિલ્મ મોટા બજેટની ફિલ્મ છે અને મણિરત્નમ્ના દક્ષિણના પ્રિય અભિનેતાઓની સાથે સાથે ઐશ્વર્યા રાય પણ આ ફિલ્મમાં છે. આ ફિલ્મ પણ ઈતિહાસ અને રહસ્યકથાઓનો સમન્વય છે. આ પ્રકારની ફિલ્મો અત્યંત ખર્ચાળ છે. મોટા મોટા સેટ્સ ઊભાં કરવામાં સમય અને આર્થિક રીતે ઘણો ખર્ચ કરવો પડતો હોય છે. આ બધા મોટા ભાગની ફિલ્મો દક્ષિણ ભારતની છે. બોલીવુડ સિનેમા ડબ કરીને આ ફિલ્મો દેશ આખા સુધી પહોંચાડતી હોય છે. પણ આવી ફિલ્મો દક્ષિણ ભારતના સિનેમામાં વધુ બને છે. અને ત્યાં એ સફળ પણ રહે છે. અત્યારે 'કાંતારા' ફિલ્મની ચર્ચા ચાલી રહી છે. ફિલ્મના કેન્દ્રમાં અંધશ્રદ્ધા છે અને કેટલાંક દશ્યો કંપાવનારા છે. છતાં ફિલ્મ દક્ષિણમાં સફળ રહી હતી બાકીના ભાગમાં દક્ષિણના મુકાબલે એટલી સરળતા મળી નહોતી. આ પ્રકારની ફિલ્મો એના વિષયવસ્તુ અને એની ટ્રીટમેન્ટને કારણે લોકોને આકર્ષે છે. એક સત્ય એ પણ સ્વીકારવું રહ્યું કે વીએફએક્સ ટેકનોલોજી હાવી થતી જાય છે અને એને કારણે ફિલ્મ ઘણી ખર્ચાળ બનતી જાય છે. ફિલ્મો ખર્ચાળ બનવાને કારણે આવક રળી ખાવા ફિલ્મોની ટિકિટ પણ એટલી મોંઘી હોય છે. મલ્ટિપ્લેક્સમાં ટિકિટના ભાવમાં જોવા મળતી અસમાનતા એ જુદી ચર્ચાનો વિષય છે. પણ ટેકનોલોજીના પ્રભાવથી બનેલી ફિલ્મોમાં હૃદયસ્પર્શી કેટલી હોય છે, એ વિચારવું રહ્યું. 'આર.આર.આર.', 'પુષ્પા', 'પીએસ-૧' જેવી ફિલ્મો ખર્ચાળ છે પણ એ હૃદયસ્પર્શી છે કે કેમ ? એમાં સંવેદના છે ? વિષયવસ્તુ એવું પસંદ કરવામાં આવે છે કે ટેકનોલોજીનો આધાર લેવો પડે અને સરવાળે ફિલ્મનું બજેટ વધી જાય છે અને ફિલ્મ રસિયાઓએ મોંઘીદાટ ટિકિટ ખરીદીને ફિલ્મ જોવી પડે છે.

# 'મારે આ સ્કૂલમાં ભણવું નથી, મને ઓલી નિહાળમાં પાછો મેલી દયો...'




બાળકના ઉર્ધ્વમુલનની ઘટના ...

બાળકોને ફરીથી સરકારી પ્રાથમિક શાળામાં ભણવા મૂકવાનો મુદ્દો વચ્ચે વચ્ચે ફેસબુક પર અને છાપાઓમાં બહુ ચર્ચામાં રહેલો. આજે શિક્ષકદિન પ્રસંગે મને બે દ્દશ્યો અને મારા બાળપણનો એક કિસ્સો યાદ આવી ગયા.

દ્દશ્ય-૧ (૧૯૭૮)

ઉનાળુ વેકેશનની એક ઢળતી સાંજે રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના પાનેલી-મોટી ગામની ફૂલઝર સોસાયટી અને મફતિયા-પરાને અલગ પાડતી ધૂળિયા શેરીમાં છોકરા ધમાચકડી મચાવતા હતાં. શેરીના ગામ તરફ જતા છેડેથી એક ટાબરીયું અચાનક બુમો પડતું પડતું ઘર તરફ દોડ્યું . . . "એલાવ, હરેશ સાઇબ આમણી કોર જ હાઈલા આવે સે . .." છોકરાઓથી ખદબદતી શેરી પળવારમાં જ ખાલી થઈ ગઈ !

દ્દશ્ય-૨ (૧૯૯૬)

ગુજરાતના ગાંધીનગરમાં વર્કિંગ ડે છે, વિધાનસભામાં મારી ઓફિસનો ટેલિફોન રણકે છે. એક શિક્ષક મિત્ર નજીકના વાવોલ ગામથી એમને મારવા આવેલા વિદ્યાર્થીઓના ટોળાથી બચાવી લેવા આજીજી કરે છે ... હું થોડા મિત્રો સાથે પહોંચીને મામલો બગડે નહીં એ રીતે એ શિક્ષક-મિત્રને સાજા સારા ઘરે પહોંચાડું છું. કારણ એ હતું કે એક દાંડ અને ઉદ્ધત વિદ્યાર્થીને એમણે સજા કરવાની ધૃષ્ટતા કરેલી !

● ● ●

મારા પિતાની રેલવે કરીઅરના શરૂઆતી ગાળામાં દરેક ત્રણ વર્ષે બદલી થાય. શાપુર, વિસાવદર, સરાડીયા, પોરબંદર અને અંતે પાનેલી-મોટી ખાતે થોડા વર્ષો ઠરીને ઠામ થવા દીધેલા અમને રેલવેએ. અમે પાનેલી પહોંચ્યા ત્યારે પોરબંદરની નિર્મલા કોન્વેન્ટમાં થોડું "સટર પટર અંગ્રેજી" ભણેલા, પણ પાનેલીમાં તો સરકારી પ્રાથમિક શાળા જ હતી. તેથી મને-કમને પણ અમને સરકારી પ્રાથમિક શાળામાં દાખલો અપાયેલો. ધોરણ એકથી લઈને ધોરણ છમાં પહોંચ્યા ત્યાં સુધીમાં અમારી સિસ્ટમની અંદર પ્રસરેલી "કોન્વેન્ટ" નીકળી ગયેલી.

એક દિવસ અમારા સરકારી ક્વાર્ટરની પાછળ ખુલી જગ્યામાં પિતાજીને મળવા આવેલા બે ત્રણ શિક્ષકો સાથે ઘનિષ્ટ મિટિંગ ભરાઈ. પાનેલીના થોડા સદ્ધર પટેલોએ ભેગા થઈને ટ્રસ્ટ બનાવી "ખાનગી માધ્યમિક શાળા"ની સ્થાપના કરેલી. આ મિટિંગમાં અમને "સરકારી"માંથી "બિન-સરકારી" બનાવી દેવાનો કારસો રચાયેલો! અને એ રીતે અમને ધોરણ ૬ માં "સરકારી" માધ્યમિક શાળામાંથી ઉઠાવીને "ખાનગી" માધ્યમિક શાળામાં ધકેલી દેવાયા. ગોંડલ સ્ટેટે બાંધેલી શાળાના લગભગ ત્રીસેક ફૂટની ઊંચાઈ, એટલી જ પહોળાઈ અને આઠ-દસ ફૂટની બારીઓવાળા વિશાળ ઓરડામાં પોતાના પાથરણા પર પલાંઠી વાળીને ભણતા, ક્યારેક પાણીથી તો ક્યારેક થૂંકથી પાટી કોરી કરતા અમે, અચાનક પ્રાઇવેટ ટ્રસ્ટની શાળાના વિસ બાય વિસના આધુનિક ઓરડામાં બેંચીઝ પર બેસીને નોટ અને બોલપોઈન્ટ પેનથી અભ્યાસરત બન્યા . . . માના ગર્ભની સલામતી છોડીને અચાનક એક અજાણી દુનિયામાં આવતા બાળકને જે મૂંઝવણ થતી હશે એવી જ મૂંઝવણ અમે અનુભવવા લાગ્યા. કહેવાતી અંગ્રેજી માધ્યમની એ મિડલ સ્કૂલમાં શિક્ષકો આજની જેમ જ હિન્દી, ગુજરાતીના મિશ્રણમાં અંગ્રેજી શબ્દોનો તડકો કરતાં . . .

મારું ખોળિયું ભલે મિડલ સ્કૂલમાં હોય, પણ આત્મા તો સરકારી નિહાળના વિશાળ મેદાનમાં જ દોટમદોટ કર્યા કરતો. ગોટપીટ અંગ્રેજીમાં ભણાવતા શિક્ષિકાના શબ્દો ધીમે ધીમે મ્યુટ થઈ જતાં, અમને એમના હોઠ ફફડતા દેખાતાં, પરંતુ અમારા કાનમાં તો શ્યામવર્ણા હેમાબેનના "ક ને કાંઈ નઈ ક, ક ને કાનો કા"નો મંજુલ રવ સંભળાયા કરતો, ઘણી વાર હરેશ સાહેબના કલાસમાં એડલ્ટ એજ્યુકેશન દરમિયાન થયેલા ઠીઠિયારા સંભળાતા. સરકારી પ્રાથમિક શાળામાં રીસેસ દરમિયાન કરેલી વિચિત્ર હરિફાઈઓ તો કેટલી મિસ કરતો . . . પછી આપણે તો થોડા દિવસોમાં જ રટ પકડી કે "મારે આ સ્કૂલમાં ભણવું નથી, મને ઓલી નિહાળમાં પાછો મેલી દયો . . ." બાળહઠ અને ઉપર જાતાં જનકભાઈની બાળ માનસની સમજણ . . . . અમે જ્યારે દાખલો કઢાવવા માંગણી કરી ત્યારે મિડલ સ્કૂલના શિક્ષકો અને ટ્રસ્ટીઓએ અમને સમજાવવા એડીચોટીનું જોર લગાવી દીધેલું. કારણ કે એમને તો આબરૂનો પ્રશ્ન થાય . . . જનકભાઈ કે હું, અમે એમની તમામ લોભ-લાલચોને વશ ન થયાં અને અંતે તાલુકે શિક્ષણાધિકારીને ફરિયાદની ધમકી અસર કરી ગયેલી.

દાખલો કઢાવીને સરકારી પ્રથમિક શાળામાં પુનઃપ્રવેશ લેવાની બે ત્રણ દિવસની પ્રક્રિયાના અંતે, શિયાળાની એક ચિલ્ડ સવારે ખભે દફ્તર નાખી અમે સરકારી માધ્યમિક શાળાના પ્રાંગણમાં રોજ યોજાતી સામુહિક પ્રાર્થનામાં પહોંચ્યા ત્યારે, જુના ભેરૂબંધોના હરખના પોકારો વચ્ચે મને પ્રથમ હરોળમાં બેસાડાયો. પ્રાર્થના અને સુવિચારોનું સેશન પત્યા બાદ મને ઉભો કરીને શિક્ષકોએ મારુ સ્વાગત કરેલું અને મારી હિંમતને બિરદાવી હતી. એ દિવસે મને ખોવાઈ ગયેલું પંખી પોતાના કાયમી વૃક્ષને શોધીને પાછું ફરે ત્યારે જેવો અનુભવ કરતું હશે એવો જ હાશકારો થયેલો. આજે પણ હું માનું છું કે . . . ભારતમાં જરૂર હોય તો માત્ર પ્રાથમિક શાળાના શિક્ષકોને સશક્ત અને મુક્ત કરવાની. એમને કલેકટર જેટલો પગાર, સુવિધા અને આદર સન્માન આપો ... એક પણ સરકારી પ્રાથમિક કે માધ્યમિક શિક્ષક જો કામચોરી કે ટ્યુશન કરે તો તમારું ખાસડું ને મારું માથું!

સાહેબ, સાચું શિક્ષણ અને કેળવણી પ્રાથમિક-માધ્યમિક કક્ષાએ જ થાય, પછી તો બાળક બાળક રહેતું નથી . . . આ જ ગાળામાં મા અને મા જેવા પ્રાથમિક- માધ્યમિક શિક્ષકો જે આરોપણ કરવું હોય તે કરી શકવાની શક્યતા છે, ત્યારબાદના શિક્ષણમાં મહદઅંશે તો ચિતરામણ અને રૂપરંગ આપી શકાય છે.

**હેન્ડબ્રેક :**

"શાળાનો પ્રથમ દિવસ અંતિમ દિવસ કરતાં સારો હોય છે,

કારણ કે તે એક શરૂઆત હોય છે, અંત નહીં."

-ધ.ત્રિ.

djtrivedi@yahoo.com
મો. 9978405967